**UNITED INTERNATIONAL GUJARATI CHRISTIAN SOCIETY, NEW YORK & NEW JERSEY**

[Founder : Lt. Rev. Manubhai Christian ]

# AMERICAN CHRISTIAN NEWS. Issue:165

**Editor: Hanokh & Sharon Patelia, Email: hanokh_sharon@yahoo.co.uk Cell: 9295303082**

**તંત્રીનો લેખ:** પ્રભુનો આભાર માનું છું કે ફરીથી એકવાર આ સમાચાર પત્ર લખવા માટે તેમણે દોરવણી પૂરી પાડી. યર્મિયા ૫:૨૫ માં લખવામાં આવ્યુ છે કે "તમારા પાપોએ તમારૂં હિત રોકી રાખ્યું છે. " ઘણી બધી વખત આપણે આપણાં કામકાજમાં વ્યસ્ત થઈ ગયા છે આપણાં સર્જનહારને ભુલી ગયાં છે. જાણતા અજાણતા પાપ કરી બેસીએ છીએ. આજના જમાનામાં "પૈસો એજ પરમેશ્વર" લોકો માટે બની ગયો છે, લોકોને પ્રાર્થના મીટીંગોમાં આવવા માટે અને બાઈબલ અભ્યાસ માટે સમય નથી, કુટુંબ સાથે પ્રાર્થના કરવા માટે અને રવિવારે પ્રભુઘરમાં આવવા માટે, શેતાન તેનો લાભ લઇ રહ્યો છે, અને વધુમાં વધુ પાપ આપણી પાસે કરાવતો જાય છે. ગણી શકાય ,જોઈ શકાય તેવા પાપ કરીએ છીએ. ઘણી વખત આપણે તેને "સફેદ જુઠ" કહીએ છીએ, આપણે શેતાનના સંકાજામાં વધુ ને વધુ આવી જઈએ છીએ, યર્મિયા આગળ જણાવે છેકે કેમ કે મારા લોકોમાં દુષ્ટો દેખાય છે; જેમ પારધીઓ ગુપ્ત રહીને તાકે છે તેમ તેઓ તાકીને જુએ છે. તેઓ મનુષ્યને પકડવાને માટે છટકું માંડે છે. જેમ પાંજરૂં પક્ષીઓથી ભરેલું છે, તેમ તેઓનાં ઘરો કપટથી [મેળવેલા દ્રવ્યથી] ભરેલાં છે. તેથી તેઓ મોટા અને દ્રવ્યવાન થયા છે. તેઓ પુષ્ટ તથા તેજસ્વી થયા છે. વળી તેઓ દુષ્ટ કર્મો કરતાં હદબહાર જાય છે. તેઓ દાદ, અનાથોની દાદ, સાંભળતા નથી, છતાં તેઓ આબાદ થાય છે. અને દરિદ્રીઓનો હક તેઓ ધ્યાનમાં લેતા નથી. (યહોવા કહે છે) એ બધી બાબતો માટે શું હું તેઓને જોઈ નહિ લઈશ? મારો જીવ એવી પ્રજા પર વૈર નહિ લે?

વ્હાલા મિત્રો, **સમય પાસે છે, પસ્તાવો કરીએ**, યર્મિયા ૬: ૧૬માં યહોવા આમ બોલે છે, "માર્ગોમાં ઊભા રહીને જુઓ, ને પુરાતન માર્ગોમાં જે ઉત્તમ માર્ગ છે તેની શોધ કરીને તેમાં ચાલો, એટલે તમારા જીવને વિશ્રાંતી મળશે. કેમ કે જે ઇરાદા હું તમારા વિષે રાખું છું તેઓને હું જાણું છું." યર્મિયા ૨૯:૧૧-૧ ૩માં આ પ્રમાણે લખવામાં આવ્યુ છે એવું યહોવા કહે છે. એ ઇરાદા ભવિષ્યમાં તમને આશા આપવા માટે વિપત્તિને લગતા નહિ પણ શાંતિને લગતા છે. તમે મને હાંક મારશો, ને તમે જઈને મારી પ્રાર્થના કરશો, એટલે હું તમારૂં સાંભળીશ. તમે મને શોધશો, ને તમે તમારા ખરા હ્રદયથી મને ઢૂંઢશો ત્યારે હું તમને મળીશ. આવો આપણે યહોવા ને શોધીએ.

## ભાવભીની શ્રદ્ધાંજલિ

" પ્રસંગ ને અનુસરી ને બોલેલો શબદ રૂપાની ટોપલીમાંના સોનાના ફળ જેવો છે." નીતિવચન ૨૫:૧૧

મારા વ્હાલામાતાપિતા સ્વ.મનુભાઈ અને સ્વ. રૂથબહેન ક્રિશ્ચયનને ભારતના યુએસએમાં ભારતના વસતા ખ્રિસ્તી સમાજને સંગઠિત કરવાના હેતુ થી ઓગસ્ટ ૧૯૮૮થી "ગુજરાતી ક્રિશ્ચયન ન્યુઝ" નામનું દ્વિમાસિક ન્યુઝ

બુલેટિન પ્રસારિત કરવામાં આવ્યું.આ ન્યુઝ પેપર દ્વારા તેમણે ગુજરાતી ખ્રિસ્તી સમાજમાં તહેવારો ની ઉજવણી સંબધિત માહિતી, જન્મ મરણના સમાચાર, પિકનિકોનું આયોજન, બાઈબલ સ્ટડીના પ્રશ્નોના જવાબો, શાસ્ત્ર મનન, આત્મિક લેખો વગેરે દ્વારા ગુજરાતી ખ્રિસ્તી સમાજને યોગ્ય માહિતી તથા માર્ગદર્શન પુરૂ પાડવાનો સફળ પ્રયાસ શરૂ કર્યો. મારા સ્વર્ગીય પિતાની ઈચ્છાકે એમના મરણ બાદ પણ આ ન્યુઝ પેપર ચાલુ રહે, સમાજલક્ષી ઉપયોગી પ્રવૃતિ બંધ કર્યે કેમ ચાલે? સમયાંતરે સ્વયં સેવકો અને સ્વયં સેવિકા ઓએ નાનીમોટી જવાબદારીઓ સ્વિકારી, છેવટે સ્વ. જોસફભાઈ પરમારે આ ન્યુઝ પેપરની સંપૂર્ણ જવાબદારી સ્વીકારી. આ સમયે હું સ્વ. શ્રી. જોસફભાઈનો તથા દરેક વ્યક્તિઓનો જેમણે આ બુલેટિન માટે નાનો મોટો ફાળો આપ્યો છે તે સર્વેનો ખૂબ ખૂબ આભારી છુ. સ્વ.શ્રી. જોસફભાઈ પોતે "દર્પણ "તથા બીજા સામાયિકોમા શાસ્ત્રઅભ્યાસને લગતા તથા બીજા સામાજીક લેખો, ઇમિગ્રેશન બાબતે માર્ગદર્શન, ડ્રાઈવિંગ લાયસન્સ માટેની તાલીમ વગેરે બાબતો માં ખુબ જ કાર્યરત હોવાછતાં મારા પિતાશ્રીનું દર્શન એમણે ચાલુ રાખવા યત્ન કર્યો અને ખુબજ માવજતથી સેવા આપી તે બદલ હું ખરા હ્દયથી જોસેફભાઈ પરમારનો ઘણોજ આભારી છું તથા તેમની સેવાઓ બિરદાવતા ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી પ્રભુમાં કરેલી તેમની સેવાઓ ભુલાશે નહીં. આ સમયે જે વ્હાલાઓએ સેવા તથા સમય આપ્યા છે અંને આપી રહ્યા છે તેઓનો હુ ઉલ્લેખ કરતો નથી તો માફ કરશો, આ લખાણ સ્વ.શ્રી. જોસફભાઈની સેવાઓને ઉદ્દેશીને લખવામા આવ્યું છે.

**આલેખન: રોબિનભાઈ મનુભાઈ ક્રિશ્ચિયન,**

## આપણને..........હું ને તું પણ તેના(ઈસુ ના) શિષ્યો છીએ...

૧: આંદ્રીયા: ખ્રિસ્તનો (માત્થી ૪:૧૮-૨૨,માર્ક૧:૧૪-૨૦,૩:૧૮,લુક ૫:૧-૧૧,યોહાન ૧૩૫-૪૨,૬:૮-૯) આંદ્રીયા વિષે પવિત્રશાસ્ત્રમાં ઘણુ બધું લખવામાં આવ્યું નથી તેમ છતાં તેના સેવાકાર્યને માટે કહી શકાય કે આંદ્રીયા વ્યક્તિગત સુવાર્તા પ્રચારક અને સુવાર્તાની શરૂઆત તેણે પોતાના ઘરથી કરી હતી. **યોહાન બાપ્તસ્મીનો અનુયાયી**: એક તરફ સભાસ્થાનનું સેવા કાર્ય, નિર્જીવ,રસ વિહોણું અને ક્રિયાકાંડોથી ભરપુર હતું, તો આ સમયે બીજી બાજુ યોહાન બાપ્તીસ્મી "પસ્તાવા અને આકાશી રાજ્યના અને પ્રભુ ઈસુના આગમન વિષે યર્દન નદીની ખીણમાં જોરશોરથી પ્રચાર કરતાં હતા. જૂના કરારમાં પ્રભુ ઈસુ વિષે ભાખવામાં/લખવામાં આવેલી ભવિષ્યવાણીઓથી આંદ્રિયા કદાચ વાકેફ હશે તેથી યોહાન બાપ્તીસ્મીનો અનુયાયી બને છે યોહાન આવનાર મસિહા માટે માર્ગ તૈયાર કરતો હતો.

**ઈસુનો સ્વીકાર**: યોહાન ૧:૩૫-૪૨ અનુસાર એક દિવસ જ્યારે આંદ્રીયા યોહાન સાથે હતો ત્યારે ઈસુને જોઇને યોહાન બોલી ઉઠે છે "જુઓ ઈશ્વરનું હલવાન" તે સાંભળી આંદ્રિયા અને તેના સાથીદાર (યોહાનનો શિષ્ય) ઈસુની પાછળ જાય છે અને ઈસુ તેમને પૂછે છે "તમે શું શોધો છો?" આ બન્ને જણ ઈસુને પૂછે છે " રાબ્બી તમે કયાં રહો છો?" ઈસુ તેમને આમંત્રણ આપતાં કહે છે "આવીને જુઓ" અને આ બન્ને જણ ઈસુની પાછળ જાય છે. તેમની સાથે સમય ગાળે છે. તેઓ ઈસુ અનુયાયી બને છે, ત્યારબાદ સૌથી પ્રથમ તે પોતાના ભાઈ સિમોન પિતરને શોધી કાઢે છે અને કહે છે " મસિહા મળ્યા છે," પછી તે સિમોનને ઈસુની પાસે લઈ જાય છે,

**ઈસુ નો શિષ્ય**: (માંત્થી ૪:૧૮-૨૨)ઈસુની સાથે થોડો સમય ગાળ્યા પછી આંદ્રીયા પોતાના વ્યવસાયમાં (માછીમારીનો)પાછો જાય છે. એક દિવસે આંદ્રીયા અને તેનો ભાઈ સિમોન ગાલીલના સમુદ્રમાં માછલાં પકડતા

હતા ત્યારે ઈસુ ત્યાં આવે છે ને આ બન્ને ભાઈઓ ને આમંત્રણ આપતા કહે છે " મને અનુસરો એટલે હું તમને માણસોને મારા અનુયાયી બનતા શીખવીશ " ઈસુના આમંત્રણને માન આપી ઈસુના પ્રથમ શિષ્યો બનવાનું માન આંદ્રીયા અને તેના ભાઈ સિમોનને ફાળે જાય છે.

**આત્માઓ જીતનાર:** ઈસુના આમંત્રણને માન આપી આંદ્રિયા પોતાનો સર્વસ્વ છોડી પ્રભુ ઈસુના આમંત્રણનો સ્વીકાર કરે છે. એક દિવસે ઈસુ અરણ્યમાં હતા, સંધ્યાટાણુનો સમય હતો, લોકો ભૂખ્યા હતા, આવવા સમયે આંદ્રીયા ઈસુને જણાવે છે કે "અહી એક છોકરો છે, તેની પાસે જવની પાંચ રોટલી અને બે માછલી છે" ઈસુ આંદ્રિયાના આ કૃત્યથી પાંચ હજાર કરતાં પણ વધુ માણસોને જમાડે છે.

બીજી એકવાર ગ્રીક લોકો જે જન્મ થી નહિ પરંતુ ધર્મથી યહુદીઓ હતા તેઓ પાસ્ખાપર્વની ઉજવણીમાં યરૂશાલેમ આવ્યા હતા. તેઓ શોધકો હતા તેથી ઈસુ વિષે ઘણું સાંભળ્યું હોવાથી તેમને ઈસુને મળવાની ઈચ્છા થઈ તેથી આ ગ્રીકો ફિલિપ પાસે જાય છે. ફિલિપ અને આંદ્રિયા તેઓને ઈસુ ની પાસે લઈ જાય છે. આ પ્રસંગો આજે પણ આપણને યાદ દેવડાવે છે કે ઈશ્વર જેઓ તેમને સોપાય છે તેમને આકાશી રાજ્યની વૃદધી માં સહકાર્યકરો તરીકે વાપરે છે આ જગત આપણું સેવાક્ષેત્ર છે. જોન વેસ્લી જીતાએલ આત્મા, અસંખ્ય માણસોને પ્રભુમાં લાવ્યાં, **શું આપણને પ્રભુની અંગત ઓળખ છે. શું આપણે ઇશ્વરના સહકાર્યકરો બનવા તૈયાર છીએ?**

**આંદ્રિયાનું સેવાક્ષેત્ર:** પ્રણાલિકા પ્રમાણે આન્દ્રીયા રોગ મટાડતો હતો, ઓગણચાળીસ જેટલાં દરિયાઈ જહાજો તૂટી જવાથી મૃત્યુ પામેલા માણસોને દરિયા કિનારે લાવી નવજીવન આપ્યું. કાળા સમુદ્રના દક્ષિણ વિભાગમાં જ્યાં લૂંટારાઓનું ધામ છે ત્યાં લોકો મધ્યે તેણે કામ કર્યું, ગવર્નરની પત્નિએ આંદ્રિયના સંદેશા સાંભળી પ્રભુ ઈસુનો સ્વીકાર કર્યો, આથી અદેખાઈ ને કારણે ગર્વનરે × નામના વધસ્થંભ પર તેને જડાવી દીધો.

**ગ્રીસમાં આવેલા પાતરા (પાત્રા):** ઇતિહાસકાર જેરેમીના લખાણ મુજબ પાત્રાથી તેમના અસ્થિ કોંસ્ટટન્ટીનોપલમાં ખસેડવામાં આવ્યા. ત્યાંથી ઈ. સ.૧૨૦૮માં ઈટાલીમાં ૧લી સદીમાં રોમ અને ત્યાંથી પોપ પોલ ૧૯૬૪માં ગ્રીસ ઓર્થોડોક્સ ચર્ચમાં ખસેડવામાં આવ્યા, થોડાક અસ્થિ ૮મી સદીમાં સ્કોટલેન્ડમાં લાવવામાં આવ્યા કારણકે આન્દ્રીયને કારણે ત્યાંનાં લોકોએ ઈસુનો સ્વીકાર કર્યો હતો.

**ઉપસંહાર:** x નામનો વધસ્તંભ કે જેના પર આંદ્રિયાને જડી દેવામાં આવ્યો હતો તે પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરવા સૂચન આપે છે, તે સીધો સાદો,સહાનાભૂતિવાળો અને દેવના પ્રેમમાં ઉત્સાહી હતો. તેના સદગુણોનું આપણા જીવનમાં અનુકરણ કરીએ અને સ્વર્ગીય રાજ્યમાં ઇશ્વર ના સહકાર્ય કરો બનીએ.

યાદ રાખીએ આંદ્રિયને માછીમાર માંથી માણસોને જીતનાર બનાવનાર આજે પણ તેમને સમર્પિત થવા તૈયાર ભાઈબહેનોને આમંત્રણ આપે છે,વાચક મિત્રો તમારો શો પ્રત્યુતર છે?

ડો. રેવ. સ્નેહલતા પટેલ (બ્રુકલિન)

**દેવના છો.**

**શું તમે જીવનમાં કદી એકડલવાયાપણું અનુભવ્યું છે?**

વ્હાલાઓ આ જગતમાં તમારું કોઈના હોય તો નિરાશ કે દુખી થશો નહિ, કેમકે દેવ તમારા પક્ષનો છે. પ્રભુ કહે છે કે "આશા ભંગ થયેલાની સાથે યહોવાહ છે" તે કદી પણ આપણને તજી કે મૂકી દેતા નથી, આપણા પ્રભુ તો આપણા સહાયક છે. જ્યારે આપણે કોઈપણ પ્રકારની ચિંતા, બોજોકે સંકટ માં ફસાઈ જઈને પોતાની તરફ જોઈએ છે અને ઇશ્વર પર નજર કરતાં નથી ત્યારે આપણે ઈશ્વર થી દુર જતાં રહીએ છીએ તે સમયે ઈશ્વર આપણને તેમનાં વચનો દ્વારા કહે

છે કે "તમે પોતાના નથી પણ દેવના છો" શું આ વચન સર્વ દુઃખ દૂર કરનાર નથી? હા, આ વચન તો મનને અને હ્રદય ને શાંતિ આપનાર છે, કારણ કે દેવનો સંબધ તો પિતા અને મિત્રનો છે, આપણું સર્વસ્વ ઈશ્વર જ છે. જગતમાં છીએ તો વિટંબણાઓ અને સંકટ, મુશ્કેલી આવે તો પણ આપણે પ્રભુના જ છીએ, પ્રભુની આપણે ખાસ અદભૂત કૃતિ છે. ખાસ હેતુ માટે ઈશ્વરે આપણું સર્જન કરેલું છે,તેની પસંદ કરેલી પ્રજા છીએ,પ્રભુ દયાળુ અને પ્રેમાળ છે છે કે આપણા પાપ પર નજર કરતાં નથી અને આપણી સાથે તે પ્રમાણે વર્તતા પણ નથી. તે શિક્ષા અને પ્રેમ બંને કરે છે ઈશ્વર આપણો નાશ થવા દેતા નથી. આપણે દેવના છીએ તેથી આપણે તેમનો સ્વીકાર કરીએ,તેના પર વિશ્વાસ કરીએ,જેથી તેના દ્વારા આપણો ઉધ્ધાર થાય એટલું જ નહિ પણ બીજાઓ પણ આપણું આચરણ અને જીવન જોઈને પ્રભુનો સ્વીકાર કરે. આમ કરવાથી આપણે પાંચમી સુવાર્તા બની જઈશુ, **તમે દેવના છો** એ વચન આપણાંમાં સાર્થક બની જશે આપણે ઇશ્વરની નજીક રહીશું, ભટકેલાઓના માર્ગદર્શક બનીશું તો તમે સર્વગના દૂતોને પણ પ્રસ્સન કરી શકશો , પ્રભુ એ આત્મા જીતવાની જવાબદારી આપી છે તે આપણે સારી રીતે અદા કરવાની જરૂર છે.

**સુધાબેન કુંજરાવિયા**, ( સ્ટેટન્ડ આઇલેન્ડ)

**નીચે આપેલા પ્રશ્નો ના જવાબ "યશાયા " પુસ્તકને આધારે આપો.**

કયા કયા પ્રાણીઓ માલિકને ઓળખે છે.અને ધણીની ગભાણ જાણજે પણ કયા લોકો યહોવા ને જાણતા નથી તથા વિચાર કરતા નથી.

૨. કયા રાજાના મરણ બાદ યશાયાને પ્રભુના દર્શન થયા?

૩. "જેમ સમુદ્ર પાણીથી ભરપૂર છે,તે પ્રમાણે પૃથ્વી ______ ભરપૂર થશે.

૪. યશયા ના પિતાનું નામ શું હતું?

૫. આ પુસ્તક માં સંખ્યાબંધ તારાઓને ઉત્પન્ન કરનાર અને બધા તારાઓને નામ આપનાર ની વાત ક્યાં મળી આવે છે?

**કોલોસ્સી પત્રને આધારે જવાબો આપો.**

૧. પ્રભુ ઈસુ માટે કયા બે વિશેષણો અથવા નામો મળી આવે છે.

૨. ઈસુ ખ્રિસ્ત મરણ માંથી ઉઠાડ્યા બાદ ક્યાં બેઠેલા છે.?

૩. પાઊલ નો સાથી બંદીવાન તથા બારનાબાસ નો પિતરાઈ ભાઈ કોણ હતા તેમના નામ આપો?

૪. લૂકનો વ્યવસાય શું હતો?

૫. ખ્રિસ્તની વાતો કઈ રીતે શીખવી શકાય તથા બોધરૂપે કહી શકાય.

આપના પ્રશ્નોના જવાબ જોયસીબેન જોયેટ ક્રિશ્રિયનને નીચેના સરનામા ઉપર મોકલી આપશો અથવા ફોન કરશો.

500 Central Ave #510, Union City, NJ 07087-5322. Mobile: 201-864-4816

**મરણ નોંધ**: રેવ. ડો. જોન રાઠોડ જેઓએ Methodist Church માં લાંબા સમયોથી પાળકિય સેવાઓ આપી અને ત્યારબાદ મિશનરી સેવાઓ ફિલિપાઇન્સમાં આપી. તેઓ સુ સમાચાર મિશન ફોર એશિયા ઇન્ડિયા સંસ્થાના સ્થાપક હતા,